સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવતા કામો અંગે તા.૧૧–૧૧–૦૫ ના રોજ મા.એડમિનિસ્ટ્રેટરશ્રીએ નીચે મુજબનો ઠરાવ કર્યો હતો :–

::::::::::::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૨૯–૧૦–૦૫ ના પત્ર નં.સી.સા.સ./૨૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૫૭ (પાંડેસરા) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ પાના નં.૩૫ ઉપર નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં.૫૭(પાંડેસરા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે ફાઈલમાં સામેલ પાના નં.૪૫ ઉપર સામેલ અધિસૂચન મંજુર કરવાનું તેમજ સદર અધિસૂચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવા તેમજ ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું મંજુર કરવામાં આવે છે.

<u>એડમિનિસ્ટ્રેટર (કોર્પોરેશન) ઠરાવ નં.૧૧૦૨/૨૦૦૫ મંજુર.</u>

સ.ર. મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.
તા.૧૪–૧૧–૦૫.

Sharad...